# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા.
જુનાગઢ. ગુજરાત (ભારત) ફો.(ઓ) : ૦૨૮૫–૨૬૮૧૪૦૦
Website : http://www.bknmu.edu.in Email. : cebknmu@gmail.com

**પરીપત્ર:**

**વિષય : ધો.૧૨ સામાન્ય પ્રવાહ (પુરક) પરીક્ષામાં પાસ થયેલ વિદ્યાર્થીઓના એનરોલમેન્ટની તારીખમાં વધારો કરવા બાબત.**
**સંદર્ભ : પરીક્ષા વિભાગના પરીપત્ર ક્રમાંક/બીકેએનએમયુ/પરીક્ષા/૯૮૨/૨૦૨૦, તા. ૨૬/૧૦/૨૦૨૦.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાઓને જણાવવામાં આવે છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માં જુદી જુદી વિદ્યાશાખાઓના એનરોલમેન્ટ ફોર્મ સ્વીકારવામાં આવે છે જે અંતર્ગત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધો.૧૨ સામાન્ય પ્રવાહ ની પુરક પરીક્ષાનું પરીણામ જાહેર કરવામાં આવેલ છે જેમાં પાસ થયેલ વિદ્યાર્થીઓનું એનરોલમેન્ટ ફોર્મ **રેગ્યુલર ફી** સાથે તા. **૦૨-૧૧-૨૦૨૦** સુધીમાં ફોર્મ ભરવાનું જણાવેલ હતું.

માનનીય કુલપતિશ્રીની આજ્ઞા અનુસાર વિદ્યાર્થીઓના હીતને ધ્યાને લઇ ધો.૧૨ સામાન્ય પ્રવાહ (પુરક) પરીક્ષામાં પાસ થયેલ વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ **રેગ્યુલર ફી** સાથે તા. ૦૬-૧૧-૨૦૨૦ સુધી લંબાવવામાં આવે છે તેમજ તેવા વિદ્યાર્થીઓની એન્ટ્રી કરી તેવા વિદ્યાર્થીઓના ફોર્મ અલગથી જમા કરાવવાના રહેશે તેમજ ચેકલીસ્ટમાં તેવા વિદ્યાર્થીઓને અલગથી દર્શાવવાના રહેશે.

- તા. 03/૧૧/૨૦૨૦ માં જો કોઇ કોલેજ દ્વારા ઉપર દર્શાવેલ વિદ્યાર્થીઓ પાસેથી સોફ્ટવેરમાં દર્શાવવામાં આવેલ ફી સાથે એન્ટ્રી કરેલ હોય તો તેવા વિદ્યાર્થીઓની દંડની રકમ વિદ્યાર્થીઓને પરત કરવાની રહેશે તેમજ નીચે દર્શાવેલ ફી પરીક્ષા વિભાગમાં જમા કરવાની રહેશે.
- દરેક વિદ્યાર્થી દીઠ (૧) એનરોલમેન્ટ ફી રૂ.૧૫૦/-
  (૨) યુનિવર્સિટી ડેવલોપમેન્ટ ફી રૂ.૨૦૦/-
- દરેક એનરોલમેન્ટ ફોર્મ સાથે વિદ્યાર્થીનું લીવીંગ સર્ટીફીકેટ, અંતિમ પાસ કરેલ પરીક્ષાની માર્કશીટ, આધાર કાર્ડ, જાતી અંગેના પ્રમાણપત્રની નકલ જોડવી.
- નવા એનરોલમેન્ટ થયેલા વિદ્યાર્થીઓના થેલેસેમીયા ટેસ્ટ પરીક્ષા ફોર્મ જમા કરતી વખતે લાવવાના રહેશે.
- સોફ્ટવેરમાં દર્શાવવામાં આવેલ ફી સાથે પુરક પરીક્ષામાં પાસ થયેલ વિદ્યાર્થીઓની **એન્ટ્રી કરવાની** રહેશે તેમજ પુરક પરીક્ષામાં પાસ થયેલ વિદ્યાર્થીઓને સોફ્ટવેરમાં દર્શાવવામાં આવેલ **ફી લાગુ પડશે નહી.** (દંડની રકમ બાદનો ડીમાન્ડ ડ્રાફ્ટ મોકલવાનો રહેશે.)
- એનરોલમેન્ટ ફોર્મને લગતી ક્વેરી બાબતે હેલ્પલાઇન નંબર (૦૨૮૫) ૨૬૮૧૪૩૦ માં સંપર્ક કરવો.

**પરીક્ષા નિયામક**

ક્રમાંક/બીકેએનએમયુ/પરીક્ષા/૧૦૫૪/૨૦૨૦
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જૂનાગઢ-362263
તા. 03/૧૧/૨૦૨૦
પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન કોલેજના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાઓ તરફ....

નકલ સાદર રવાના:-

(૧) માન.કુલપતિશ્રી/ કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
(૨) આઈ.ટી. સેલ વેબસાઈટ પર પ્રસિધ્ધ થવા અર્થે. (૩) હિસાબી શાખા (જાણ તેમજ યોગ્ય કાર્યવાહી અર્થે)